# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ફેબ્રુઆરી - ૨૦૦૯'

છુટક નકલ રૂ. ૧/-


## ‘ભ્રમણાની ભ્રામકતા’

નિખાલસતા સહજ છે. દંભ માણસે જાતે તૈયાર કરીને પહેરેલું મહોરૂ છે. આજના યુગમાં માણસ સહજ રહી શકતો નથી એનું મુખ્ય કારણ કદાચ આજ છે કે માણસને સહજતા ખપતી નથી. ઓછું બોલીને આવકાર આપનાર કરતા ખુશામતાભર્યા શબ્દોથી આવકારનાર ને લોકો એટલેજ મહત્વ આપે છે. જાહેર કાર્યક્રમોમાં તો માણસના આવી દંભલીલાની બંધનમુક્ત વિહાર ભૂમિ છે. ચારિત્રય હીન માણસ પણ જો કોઈ સ્વાર્થપૂર્ણ ગણતરીથી અતિથિ વિશેષ કે મુખ્ય મહેમાન બનાવ્યો હોય તો તે ખુરશીમાં બેસવાને બદલે બિરાજમાન થાય છે. એમના ચરણ ઉદઘોષકના બેરોકટોક શબ્દજળથી પખળાઈને  કમળ બની જાય છે. આવા વકતાએ આડેધડ ઝાડેલા વ્યાખ્યાનનને પ્રેરક ઉદબોધનનું રૂપાળુ નામ આપવામાં આવે છે. પ્રત્યેક પળે માણસનું દંભ રૂપી પહેરેલું મ્હોરૂ પોતાની ઓળખ જાહેર કરે છે.

પતિની તમામ નબળાઈઓનો સાચો ખ્યાલ પત્નીનેજ આવતો હોય છે. ક્યારેક મોટા સમારંભમાં પતિને માનપત્ર અપાઈ રહયુ હોય છે. સમારંભમાં આગલી હરોળમાં બેઠેલી પત્ની પોતાના પતિ માટે વપરાતા પ્રશંસાના શબ્દોની પોકળતા અંગે વિચારે ચડી જાય છે અને સાવ અવાક બની જાય છે. બીજા લોકો પાસે પતિનો ફોટો હોય છે. જ્યારે એની પાસે પતિનો ‘એકસરે’ હોય છે. સમારંભમાં માઈક્રોફોન પરથી વહેતા પ્રભાવશાળી અસત્યને એ બિચારી સહન કરી લે છે. દંભનું મહોરૂ પોતાનો પ્રભાવ અકબંધ રાખે છે.

દંભની દુનિયાજ નિરાલી છે.......

[illegible]

[illegible]

[illegible]

[illegible]

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૧૧ | ૧૪-૨-૨૦૦૯ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૃ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# હું તૈયાર છું... તમે ?

***તંત્રી સ્થાનેથી***

શનીવારની સવાર હતી. વહેલી સવારની મીઠી નીંદરમાં ફોનની રીંગ વાગી, પહેલાં તો લાગ્યું મોર્નીંગ એલાર્મ છે. પણ આટલું વહેલું ? એલાર્મ બંધ કરવા હાથ લંબાવ્યો પછી સમજાયું આતો ‘ફોન વાગે છે. ફોન ઉપાડીને ઉંઘરેટીયા અવાજમાંજ હલો કર્યું. સામેથી અવાજ આવ્યો કેમ છે. નિખિલ મઝામાં ? મનમાં થયું મઝામાં નહી ઉંઘમાં છું. મઝા તો ફોન કરીને તમે બગાડી. મેં કીધું હા મઝામાં, કાલે રવિવાર છે મળવા આવું ? પણ રવિવારે તો મારી ફેકટરી ચાલુ હોય છે. આપણે શુક્રવારે મળીએ. કેટલા વાગે આવું ? હું ફોન કરું છું તમે કોણ છો ? હું ભગવાન, ઈશ્વર, ‘ચાહે કૃષ્ણ કહો યા રામ’. હું સફાળોજ ઉભો થઈ ગયો. શબ્દો મોઢામાંથી નીકળતા નહોતાં, લાગ્યું કોઈ મશ્કરી કરે છે. પણ અવાજ દિવ્ય હતો. તે બોલ્યાં તારી એપોઈન્ટમેન્ટ જોઈએ છે. પણ શા માટે ? તને મળવું છે અને મારી સાથે લઈ જવો છે. દિમાગમાં બત્તી થઈ આનો ભગવાન સાથે લઈ જવાની, મૃત્યુની વાત કરે છે. મેં ચલાવ્યું, પણ તમે તો ભગવાન અચાનક જ આવીને લઈ જાવ છો આજે એપોઈમેન્ટ કેમ લેવી પડી ? મને ખબર પડી છે પૃથ્વી ઉપર જમાનો બદલાયો છે. એપોઈન્ટમેન્ટ વગર, ફોન કર્યા વગર કોઈના ઘરે જઈએ તો સારું ન લાગે, એટલે ફોન કર્યો, તો વત્સ ક્યારે આવું ? એમણે ફરી પુછ્યું. દિમાગ અને જીભ કામ કરતાં બંધ થઈ ગયા. મેં કીધું થોડી વારમાં ફોન કરું

છું. ભગવાન હજી ઉઘમાં છું. તારાથી મને ફોન નહી થાય તારા ફોનમાં ISD થી વધારે ફેસીલીટી નથી. હું જ તને ફોન કરીશ તારીખ અને સમય નક્કી કરી રાખજે, અને ફોન મુકાઈ ગયો. હું જાગતો હતો. દિમાગ કામે લાગી ગયું. ક્યારે બોલાવીશ ? મનમાં કેલેન્ડરની તારીખો ફરતી ગઈ આ શુક્રવારે તો B.BC ની મીટીંગ છે. આવતા શુક્રવારે બર્થડે પાર્ટી છે. એના પછી મિત્રની દીકરીના લગ્ન એમાં તો જવું જ પડશે. ફગવો પણ ઘરનો જ કહેવાય, જર્મનીની ટીકીટ પણ બુક થઈ ગઈ છે. છોકરાઓની પરીક્ષા પછી મનાલીનું પ્રોમીસ કર્યું છે. ઓગસ્ટમાં નિલેશ આવે છે. અમેરીકાથી દીવાળીમાં આ વર્ષે તો બાલાસિનોર જવું છે. ડીસેમ્બરમાં એનીવરસરી પાર્ટી આમ દિવસો વર્ષોમાં બદલતાં ગયા આ ક્યાં ઓરડીનરી એપોઈન્ટમેન્ટ આપવાની હતી. આતો વન વે ટીકીટ હતી. રીર્ટન ટીકીટ મળતી જ નહોતી, પાછા આવવાનું હતું જ નહીં. ફરી દિમાગ ચકડોળે ચઢયું. જીવનના આટલા વર્ષો તો ભણવામાં અને ધંધામાં સેટલ થવામાં ગયા. જીવવાની જીવનની મઝા માણવાની તક તો હજી હવે આવી છે. છોકરાઓ પણ હજી નાના જ કહેવાય હજી તો ભણવાનું બાકી છે. એમને હજી મારી જરૂર પડશે પોતાના પગ ઉપર ઉભા રહેવા માટે જીવનમાં આગળ વધવા માટે, લગ્નને પણ ક્યાં પુરા પચ્ચીસ વર્ષ થયા છે. પત્ની હજી તો હવે છોકરાઓમાંથી છુટી થઈ છે. હવે જ બન્નેને એકબીજાની જરૂર પડવાની. જીંદગીના પાછલા વર્ષોમાંજ પતિ પત્નીને એકબીજાની જરૂરીયાત સમજાતી હોય છે. માબાપ પણ હવે સિત્તેરના થશે એમને પણ મારી જરૂર પડવાની, એમની સેવા કરવાની કે એમની વૃદ્ધાવસ્થામાં સહારો બનવાની જરૂર તો હવે પડશે. ફેકટરીના અને બિઝનેસના વિસ્તાર માટે પણ કેટલી બધી યોજનાઓ બનાવી છે. શું ભાઈ પહોંચી વળશે ? આ જ્યોતિપુંજની જવાબદારી પણ છે. સામાજીક અને કૌટુંબિક જવાબદારી પણ ખરી જ તો વળી. ફરીથી મનના એક ખુણે થી પડઘો પડયો. કોઈના વગર કંઈ અટકતું નથી. કોકના મૃત્યુ પછી પણ બધાનું જીવન એમજ ચાલતું હોય છે. થોડી ખોટ વર્તાય પણ કંઈ અટકી જતું નથી. સમાજને આપણો પર્યાય તરતજ મળી જાય છે. મિત્રોને થોડી ખોટ સાલે પણ બધુ યાદોમાં ખોવાઈ જાય છે. કુટુંબીજનોને ખુબ ખોટ લાગે પણ કોઈની પાછળ જીવવાનું થોડું છોડી દેવાય છે. પત્ની પડછાયામાંથી બહાર આવી વધુ સશક્ત થશે. છોકરાઓ જલ્દીથી પગભેર થશે. દુનિયા એમજ ચાલતી રહેશે, પણ તારી પોતાની ઈચ્છાઓનું શું ? આપણી ઈચ્છાઓનો ક્યાં અંત હોય છે. હજી તો દેશ દુનિયામાં ખુબ પ્રવાસો કરવા હતાં નહી જોયેલા સ્થળો ફરવા હતાં અને જોયેલા સ્થળોની જુની યાદો તાજી કરવા ફરીથી ખુંદવા હતા. મનુષ્ય જીવન મળ્યુ છે એને સાર્થક કરવા કંઈક કામો કરવા હતાં. ખુબ વાંચન કરવું હતું એનું ચિંતન મનન કરીને સમાજને લખાણો રૂપે આપવું હતું. કોક સેવાશ્રમને કે વૃદ્ધાશ્રમને જીંદગીના વર્ષો સમર્પિત કરવા હતા. જીવનમાં દીકરીની ખોટ ખુબ લાગે છે. દીકરાઓની વહુઓમાં કે એમની દીકરીઓમાં આ ખોટ પુરવી હતી. આપણા વિખરાતાં જતાં સમાજને ફરીથી એકત્ર કરવા કૈંક નક્કર કામ કરવું હતું. વૃદ્ધાવસ્થામાં ધીરે ધીરે જાતને સંકેલી લેવી હતી. હું અને મારું એ બન્ને ને ઓગાળીને ગુમનામીમાં એકાંતમાં સ્વની ખોજ કરવી હતી.

ફરીથી એક મને બીજા મનને ટપાર્યું ભાઈ આતો તું બીજા પચ્ચીસ ત્રીસ વર્ષોની વાત કરે છે અને ઈચ્છાઓતો અનંત હોય છે. શું ખાતરી એ ત્રીસ વર્ષ

પછી પણ તું વધુ સમય નહી ઈચ્છે ? અને ભગવાનનો ફોન આવે તો એમ થોડું કહેવાય કે ત્રીસ વર્ષ પછી એપોઈન્મેન્ટ મળશે. બહુ બહું તો એકાદ બે અઠવાડિયા મળે કે પછી એકાદ બે દિવસ પણ રાહ જોવા તેઓ તૈયાર ન થાય. દિમાગ ફરીથી ચગડોળે ચઢયું એક બે દિવસ કે એકાદ બે અઠવાડીયા પછીની એપોઈન્ટમેન્ટ માટે તૈયારી કરવા લાગ્યું. પુરતી વીમાની પોલીસી છે એટલે પત્ની તથા બાળકોને વાંધો નહી આવે. કુટંબીજનો બધા સારા છે એટલે બીજી કોઈરીતે તકલીફ નહી પડે. બાળકો પણ મોટા અને ઠરેલ થઈ ગયા છે. કદાચ એકલાં પડતાં વધુ મેમ્પોરીટી ઝડપથી આવશે. માબાપનું ધ્યાન પણ ભાઈ તથા બધા પૌત્રો રાખશે જ. સામાજીક જવાબદારી તો એક જાય એટલે બીજું આવવાનું જ વધુ સારું વધુ બહેતર. બાકી જીંદગીને અત્યાર સુધી પુર્ણ રીતે માણવી છે હરવા ફરવાના શોખ સારી રીતે પુરા કર્યા છે. રહી વાત સેવાની, વાંચનની, મનુષ્ય જીવન સાર્થક કરતાં કામ કરવાની એતો જીંદગીની સમય મર્યાદા ઉપર ઢોળયું હતું. બાકી સંતોષ છે. અત્યાર સુધીની જીંદગીનો કોઈ રાવ ફરિયાદ નથી. ભગવાને લાડકો દીકરો માનીને બધુજ આપ્યું છે. જીવનમાં માંગી શકાય એના કરતાં વધું, બીજાને ઈર્ષ્યા આવે એટલું અને તૈયાર થઈ ગયો ભગવાનના ફોન માટે. લગભગ મહિનો વીતી ગયો હજી ફોન આવ્યો નથી પણ હું તૈયાર છું. કદાચ ધીરે ધીરે એ રીતે ગોઠવતું જાય છે મારી આજુબાજુના અંગત માણસોને પણ એ રીતે તૈયાર કરતોજ રહું છું. કોઈના પણ વગર રહી શકાય એ રીતે. જીંદગી રોજે રોજ સંપુર્ણ આનંદથી જીવાતી જાય છે. વર્ષોને દિવસોમાં સમેટી લેવાનો પ્રયત્ન કરું છું. ભગવાનના ફોનની રાહ જોઉં છું. વાચક મિત્ર, શું તમે આવા ફોન માટે તૈયાર છો ?

- ***નિખિલ પરીખ.***

# - : મુક્તકો : -

(નોંધઃ- જાણીતા તત્વ ચિંતક શ્રી હરિભાઈ કોઠારીના પુસ્તક 'જીવન દર્શન'ના વિચારોના આધારે)

માનવી હોય જો શતાયુતો, પચાસ તો નિંદરમાં જાય,
સાડાબાર બચપનમાહેને, તેટલા જર્વાધકયે વહી જાય
બાકીના ધનો ર્પાજન, રોગ, વિયોગ, ને સેવા શુશ્રુષામાં
આવા જીવને જીવન માહે, સુખ પ્રાપ્તિ ક્યાંથી થાય ?

**– x – x– x–**

સર્મપિત જીવન મહી એક અનોખુ સૌંદર્ય છે,
સ્વૈચ્છિકને સમજ પૂર્વકના સર્મપણને અર્થ છે,
શૂર, બુદ્ધિમાનના સર્મપણમાં એક ખુશ્બુ હોય,
આવા સર્મપિત જીવનમાં, પરમાત્મા આવી રમે.

**– x – x– x–**

પરમાત્માએ માનવીને ત્રિવિધ વર દિધેલ છે
ભાવોની અભિવ્યક્તિ કાજે, વિચારવાણી મળેલ છે.
બુદ્ધિ મળી છે જીવ, જગત, જગદીશને જાણવાને કાજ
યથોચિત જીવનને ઘડવા, ઈચ્છા સ્વાતંત્ર્ય બક્ષ્યુ છે.

**– x – x– x–**

સમજ દારી સ્વાધ્યાયનું બીજુ નામ છે.
સ્વાધ્યાયથી વિચાર પરિવર્તન થાય છે.
પ્રમાદ ના થાય સ્વાધ્યાયમાં સૂત્રો કહે
સ્વાધ્યાયથી જીવન સુગંધિત થાય છે.

**– x – x– x–**

અપેક્ષા હોય સુધરવાની, આટલુ ધ્યાન રાખીયે,
ઈચ્છાઓ, કર્મો અને નિજના વિચારો નિરખીયે,
વિકસાવી ચારિત્ર્ય, સ્વાસ્થ્ય, જીવનપુષ્પને ખિલવીયે,
આવા જાગૃત જીવનમાં, પરમાત્મા આવી વસે.

**– x – x– x–**

ધર્મ માનવ કેરો અફીણ કે ઔષધ નથી.
જાગૃતિ પ્રેરે જીવનમાં તેવું કેવળ અન્ન નથી,
અન્નથી પુષ્ટિ શરીરની, ધર્મથી મન બુદ્ધિ,
વ્યાપક છે હવા જેવો, હિન્દુ કે મુસ્લિમ તે નથી.

- ***સતીશચન્દ્ર ભી. પરીખ (રોકડીઆ)***

# હું ગુજરાતી... આપણે ગુજરાતીઓ

આપણે બાહરગામ ક્યાંક ફરવાના સ્થળે કે યાત્રાના સ્થળે ગયા હોઈએ અને માર્ગમાં કોઈ ગુજરાતી બંધુ મળી જાય તો આનંદ અનુભવીએ છીએ. તેમાંય જો ઓળખીતા ગુજરાતી બંધુઓ મળી જાય તો આનંદનો પાર રહેતો નથી.

થોડા સમય પહેલા જન્મભૂમિ સમાચાર પત્રના ૭૫મા વર્ષની ઉજવણી વેળા ગુજરાતની પાવન ભૂમિના સંત શ્રી મોરારીબાપુના મુખમાંથી સરી પડેલા સહજ શબ્દો-

''સંત પુરૂષને માર્ગમાં ચાલતા-ચાલતા જે કોઈ વ્યક્તિ મળી જાય તે બધા જ ગમે. કદાચ કોઈ વધુ ગમી જાય. પણ મારા જેવા સાધુને માર્ગમાં જો કોઈ ગુજરાતી મળી જાય તો મોજ પડી જાય.'' હું ગુજરાતી... આપણે ગુજરાતી...હોવાના ગૌરવની પ્રતીતી કરાવે છે.

ગુજરાતના દરેક પ્રાંતની એની આગવી ઓળખ છે. ગુજરાતની દરેક કોમની એની પોતાની પહેચાન છે. ગુજરાતી તરીકે ગૌરવ લઈ શકાય એવી હકીકતો વાંચવામાં કે સાંભળવામાં આવે ત્યારે આપણે ગુજરાતીઓ હોવા બદલ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

'અમેરિકામાં રહેતા રાજ ભાવસારે ઓલિમ્પિકમાં કાંસ્યચંદ્રક મેળવ્યો ત્યારે સમાચાર પત્રોમાં છપાયુ હતુ. ભારત નહી, ગુજરાતી જીત્યો.'' અમેરિકામાં બિન અમેરિકન કુલ ૫૦ વકીલોમાં ત્રણ ભારતીય છે અને તે ત્રણ ભારતીયોમાં એક ગુજરાતી છે. અમેરિકાના પ્રમુખ ઓબામાની ટીમમાં અનેક ભારતીય ખેલાડીઓ છે, તેમાં ગુજરાતી સોનલ શાહ પણ છે. આવા તો અનેક દાખલાઓ છે, જે આપણે ગુજરાતી હોવાના ગૌરવની ગરિમા બક્ષે છે.

સમર્ગ વિશ્વમાં વખણાયેલ અનેક એવોર્ડ મેળવી ચૂકેલ અને ઓસ્કર માટે નોમિનેટ થયેલ ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર' આજકાલ ખૂબ ચર્ચામાં છે. ઝૂપડપટ્ટીનો અઢાર વર્ષનો અનાથ કિશોર જમાલ ઉર્ફે ગુજરાતી કલાકાર દેવ પટેલ' હું વોન્ટસ ટુ બી એ મિલિયોનેર'' શો માં ભાગ લઈ રૂા.બે કરોડ જીતી જાય છે.' આ ગુજરાતી કલાકાર હાલ જ્યારે મુંબઈ આવ્યો ત્યારે જે વિચારો પ્રગટ કર્યો તે વાંચવા જેવા છે.

'તમે કોઈપણ ક્ષેત્રમાં હો, સખત પરિશ્રમ કરતા રહો. સારા કામમાં અવરોધ તો ઘણા આવે, પણ તેનાથી નિરાશ થવાને બદલે વધુ અને વધુ પ્રયત્ન કરવાથી જીવનમાં જરૂર સફળતા મળે છે. હાર્ડવર્કનું ફળ એક દિવસ જરૂર મળે છે. યુવાનોએ ઉત્સાહ અને ઉમંગથી મહેનત કરવી જોઈએ. મને મારી માતૃભાષા માટે લગાવ છે. હું ઘરે મારા માત-પિતા સાથે ગુજરાતીમાં વાત કરી શકુ છું.'' જ્યાં સુધી આવનાર પેઢીના દિલમાં ગુજરાતી ભાષા માટે પ્રેમ અને લગાવ રહેશે ત્યાં સુધી આપણી માતૃભાષાને કોઈ મીટાવી શકશે નહિ.

ગુજરાત રાજ્યની વાત કરીએ તો રાષ્ટ્રીય તહેવારોને વિકાસ પર્વ બનાવવાની પરંપરા ગુજરાતે વિકસીત કરી છે. ને તેનો પ્રોજેકટ જે સરળતાથી શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં લઈ આવ્યા તે બદલ તેમના હરીફો અને ટીકાકારો પણ દંગ રહી ગયા. સળગતા ગુજરાતને પ્રગતિના પંથે દોરી જનાર નરેન્દ્ર મોદી આજે ભારત તમામ રાજ્યો માટે એક આદર્શ મુખ્યપ્રધાન બન્યા છે. ગુજરાતના આ મુખ્ય પ્રધાને એકલા હાથે ગુજરાતને રોકાણકારોનું ડેસ્ટીનેશન બનાવ્યું છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ બાદ ઉદ્યોગપતિ હર્ષવર્ધન ગોએન્કાએ ગુજરાતના

મુખ્યપ્રધાનને C.E.O of Chief Ministers નું બિરૂદ આપી કહયું. તેઓ ગુજરાતને પ્રગતિના શિખરો ઉપર પહોંચાડશે.

પુરૂષાર્થ કરવો, હાર્ડવર્ક કરવુ, સતત પ્રયત્નશીલ રહેવું તથા વિકાસ અને પ્રગતિ માટે હંમેશ નવી દિશાઓ શોધતા રહેવુ એ ગુજરાતીઓના લોહીમાં છે.

આપણો ગુજરાતી ભાઈ થોડો પગભર થાય એટલે પોતાના સમાજ અને પોતાના વતન માટે શક્ય હોય તે બધુજ કરી છુટવાની ધગશ રાખતો થઈ જાય છે.

આપણા વાડસોલવાસીઓનો જ દાખલો લઈએ તો છેલ્લા ૬૦ વર્ષો દરમ્યાન મુંબઈમાં વસતા બાલાસિનોરવાસીઓ તથા અમેરિકામાં રહેલા આપણા લોકો એ જે પ્રગતિ અને વિકાસ સાધ્યો છે, તે સમગ્ર ગુજરાત માટે એક દ્રષ્ટાંત રૂપ કહી શકાય.

વાડાલોસ ગામ સુધી રેલ્વે લાઈન ન પહોંચી શકી તે વાતનો તથા મુંબઈ શહેરમાં આપણે એકાદ મોટો હોલ ન લઈ શક્યા એ વાતનો થોડો ઘણો અફસોસ જરૂર રહી જાય પણ સહુએ સાથે મળી સામાજિક, શૈક્ષણિક અને ધંધાકિય ક્ષેત્રોમાં જે પ્રગતિ સાધી છે, તે ગૌરવપુર્ણ છે.

ખૂબ જ ગૌરવની વાત છે કે આપણા ગામની વિવિધ સામાજિક સંસ્થાઓમાં દાનનો અવિરત પ્રવાહ વહેતો જ રહે છે. જે થકી આપણો સમાજ અને આપણું ગામ એક સ્ટેજ ઉપર પહોંચ્યું છે. કે આપણા ગામનો એક પણ નાગરિક રોટી, મકાન, દવા અને શિક્ષણથી વંચિત ન રહે. આ બહુ જ મોટી સિદ્ધી છે. આપણા દેશના બહુ ઓછા ગામો આ મુકામ સુધી પહોંચ્યા હશે ! એક બાલાસિનોરવાસી તરીકે આપણે સહુ ગૌરવ લઈ શકીએ એવી અનેક ઉપલબ્ધિઓ આપણા સમાજ પાસે છે.

આજે સમય જરૂર બદલાયો છે. કેરિયર માટે અંગ્રેજી ભાષા તરફ ઢળવું જરૂરી બન્યું છે. એનો અર્થ એમ નથી કે આજની યુવા પેઢીને આપણી માતૃભાષા પ્રત્યે પ્રેમ કે લગાવ નથી. તેઓ લખી શકતા નથી, બરાબર બોલી કે વાંચી શકતા નથી તે આજના સમયની એક મજબુરી છે., પણ ગુજરાતી ભાષા માટે અને પોતાના ગુજરાતી માત-પિતા માટે તેઓના હૃદયમાં સાચો પ્રેમ અને દિલથી લગાવ છે.

મને એક વાતનો અનહદ આનંદ છે કે જ્યોતિપુંજમાં છપાતા મારા લેખો વાંચવા માટે મારો દિકરો જ્યોતિપુંજ વાંચવા અચુક પ્રયત્ન કરે છે. હાલ તે પરદેશ હોવાથી કોમ્પુટરની મદદથી જ્યોતિપુંજના પાના **E-Mail** કરું છું અને જ્યારે પણ તેને સમય મળે ત્યારે ઈમેઈલ થકી જ્યોતિપુંજ વાંચવામાં તે ખુશી અનુભવે છે. આ ઉપરાંત એક ગુજરાતી તરીકે આપણે ગૌરવ લઈ શકીએ એવી કોઈપણ ઘટના આપણા ગામમાં આપણા ગુજરાતમાં, આપણા દેશમાં કે વિશ્વના કોઈપણ ખુણામાં બને હું તેની સાથે ફોન ઉપર ચર્ચા કરુ છુ અને સારી ઘટના બદલ ગૌરવ અનુભવુ છું.

આપણે આપણા સંતાનોને વારસામાં ધન-દોલત, ગાડી–બંગલા, સૌના-ચાંદી, શેરના ડીમેટ ખાતા વિ..વિ..તથા આપણી પાસે જે હોય તે બધુ જ આપીએ પણ સાથે સાથે આપણી ભાષા, આપણા ગુજરાતની સંસ્કૃતી, આપણી સાહસિકતા પણ જરૂર આપીએ..

હાલ જે પેઢી ગુજરાતી ભાષા બોલી, વાંચી અને લખી શકે છે, તેનો સમય તો હવે જોત-જોતામાં પુરો થવા આવશે. જો ગુજરાતના ગૌરવને ધબકતું રાખવું હશે તો આજની યુવા પેઢીના હૃદયના સ્પંદનોમાં માતૃભાષા ગુજરાતીના ધબકારા પુરવા પડશે. તો જ હું ગુજરાતી..આપણે ગુજરાતીઓનો નાદ સદાકાળ જીવંત રહેશે.

જય જય ગરવી ગુજરાત.

– ***પંકજ કે. શાહ***

# પરમ ધન ઈશ-ઈતિ પરમેશ્વર

*- ઉષા એસ ધારીઆ.*

જન્મ થતાં જ બાળકનું કર્મ શરૂ થઈ જાય છે ભૂખ લાગે તો રડે. સુસુથી ગાદી ભીની થાય તો રડે અને માની ગોદીમાં આવવું હોય તો હાથ પગ ઉલાળી હસે જેથી મા તેને ગોદમાં લે. જીવ જન્મે કે કર્મ શરૂ થાય એ કર્મ સતર્મક હોય કે અકર્મક. ગીતાજીમાં પણ કર્મ કરે જાવ. એજ સિદ્ધાંતને મહત્વ અપાય છે. કૃષ્ણ પૂર્ણ છે છતાં તે કામ કરે છે. પૂર્ણ હોય કે અર્પૂણ કર્મ કરતાં જ રહેવાનું છે. પૂર્ણ તો પ્રભુજી છે છતાં તે કર્મ કરે છે. ફળની ઈચ્છા રાખ્યા વિના કર્મ કરતાં રહેવાનું જ છે માનવી એ અને એજ સાંચો ધર્મ છે.

નિયત કર્મ તો માનવી માત્ર કરતાં રહે છે. પરંતુ આપણું શિર્ષક સૂચક ઈશારો કરે છે. અને એ છે પરમ ધન મેળવવાનું અહીંયા ધન એટલે રૂપિયા, પૈસા નહી પરમ ધન ઈશ એટલે ઈશ્વરને મેળવવાના છે અને આ ઈશ્વરને કેમ? ક્યારે? ક્યાંથી મેળવાય ? પરમ બ્રહ્માંડના અધિપતિ ઈશ્વરને આપણે કેવી રીતીએ મેળવીશું ? ઈશ્વરને નરી આંખે નથી જોઈ શકતા ? નથી માણી શકતા? ક્યાં હશે ઈશ્વર? તેને કેમ કરી મેળવીશું ? પહેલુ તો ઈશ્વર ક્યાં છે ? (અને કોણ છે ? ઈશ્વર અન્નમાં છે. જલમાં છે, પવનમાં છે. સૂરજદેવ પ્રભુજીના સુદર્શન ચક્રની જેમ ફરતા છે. અને ધરતી તો બે ગજ જમીન આપણે અંતિમ બિછોનો બને છે. એની ગોદમાં સમાવે છે અન્ન જલ અને પવન વિના આપણા પ્રાણની શક્યતા જ નથી. અન્ન આપણો પરિભોગ છે. પંચ મહાભૂતમાં વસે મારો વ્હાલમો.

''અન્ન એક પરમાત્મા હૈ
ઉસે પાકર પરમતુપ્તિ પાઓ
તુપ્ત હો કે સનૈ સનૈ
કિર્તનમેં મગન હો જાઓ
યહી ભોગ, અપને પરિભોગ હૈ.''

પ્રભુજીને જોઈ શકતા નથી, પરંતુ માણી શકીએ છીએ. એક વાત કે પ્રભુજી આપણું પરીપૂરણ ધ્યાન રાખે છે જેમ આપણે આપણા બાળકોનું ધ્યાન રાખીએ છીએ પરંતુ આપણો જન્મ થાય એ ક્ષણે આપણે કંઈ જ જાણતા નથી હોતા મા કહે કે બાપ કહે ત્યારે જ જાણીએ છીએ કે આ મારા માતા પિતા છે. કદાચિત આજના ડૉકટર સાયન્સના રીપોર્ટ કહી શકે કે આ તમારા માતા યા પિતા છે. અને બાળક જન્મે ત્યારે તેને આમ જ સુવાડો તો તમે પણ નહી કહી શકો કે આ બાળક હિંદુ કે મુસલમાન કે ખીસ્તી છે. બાળકની અને માતાપિતાની ઓળખ એક બીજાની પ્રેમની દૃષ્ટિ પારખે છે અને માની અમી ભરી નજરોથી બાળક પણ તેને અંતમનથી પ્રેમ કરે છે અને એથી જ કહેવાય છે. ''જનની જન્મ ભૂમિ સ્વર્ગાધ અપિ ગરિયસી'' માતા પિતાના પહેલાંના જમાનામાં પાંચ છ સંતાનો હોય, પરંતુ નામ તો જુદા જુદા એવી જ રીતીએ પ્રભુજી એક શક્તિ છે. તેનાથી જ આપણું જીવન છે. એથી જ કહેવાય છે નદીનું નિગમ સ્થાન સંગમ સ્થાન અને જલ નિર્મલ હોય પરંતુ દરેકના નામ અલગ અલગ હોય છે. ગંગા, જમુના, સરસ્વતી, ક્ષ્ણિા, કાવેરી, મહી, તાપી, નર્મદા, સિંધુ, ગોદાવરી એજ રીતે સર્વેનું સંગમ સ્થાન સાગર જ છે. તેમ પૃથ્વી પર અનેકાનેક જાતિના લોકો વસે છે. નામ જાતિ અલગ અલગ, દરેક અલગ અલગ દેવોને દેવીઓ માને છતાં સંગમની જેમ પ્રભુ શક્તિ પાસે જવાનો માર્ગ એક જ છે તે 'પરમ ધન ઈશ-ઈતિ પરમેશ્વર' પ્રાપ્ત થાય. અરીસામાં આપણી છબી જોવા માટે અરીસો એકદમ સ્વચ્છ હોય તોજ

આપણી છબી તેમાં ઉભરી આવશે. ઘર ઘર છે. કોઈ મોટું કોઈ નાનું કોઈ મહેલ કોઈ ઝુંપડું ઘર રક્ષણ આપે છે. ઘરની ચાર દિવાલો અને છત હવે ઘર તો મૂળ નામ પરંતુ દરેક જણાને પોતાના ઘરનું નામ અલગ અલગ જ હોય છે. 'ગીતા ભવન' કહો કે 'પ્રેમ મિલન'કહો કે 'શાંતિ કુંજ' કહો ઘર આપણને રક્ષણ આપે સુખની નિંદર આપે એજ રીતે ધર્મ કોઈ પણ હોય પ્રભુજી એટલે કે પરમ પરમાત્માને મેળવી આપે એજ સાંચુ છે. 'પરમ ધન ઈશ - ઈતિ પરમેશ્વર'ને મેળવવાનો સાંચો રાહ બતાવે એ છે સાંચો ધર્મ પંચ મહાભૂતમાં વસતા પરમેશ્વરને મેળવી આપશે પંચેન્દ્રિય આપણી પાંચ ઇંદ્રિય, 'જીવ્હા મધુર બોલે', 'જીવ્હા થકી અસત્ય ન બોલે' બીજે ગાંધી બાપુના પેલા ત્રણ વાંદરાની જેમ 'બુરુ બોલો નહીં', 'બુરાઈ સાંભળો નહી', બુરાઈને દેખો નહીં' એટલે એજ કે કર્મ એવા કરો પંચેન્દ્રિયથી કે 'પરમ ધન ઈશ-ઈતિ પરમેશ્વર તમારી પ્રત્યક્ષ આવી ઉભો રહે. તમે તેને સાક્ષાત માણી શકશો. આંખમાં રમાવો ઈશ્વર, જીવ્હાથી સીમરો ઈશ્વર, હૈયે વસાવો ઈશ્વર, રમમાણ થાય ઈશ્વરમાં, કરની કરો તો ઈશ્વર કાજ, મૂઢમતિ વિસારો સંસારથી જલ કમલ વત કહી. 'ઈશ્વર એક્કીઆધારા'

'ઘૂંટ ઘૂંટ હરિનામ હી ધ્યેય
ઘૂંટ ઘૂંટ રસ એક હી પેય
હરિનામ રસ મધુર મેહ
શ્યામ સંગ લગી એસી નેહ'.

કહેવાય છે ત્રેત્રિશ કોટિ દેવો છે. દરેક જીવમાં દેવ વસેલો છે. પરંતુ સારા કે ખરાબ (સ્વભાવ) માનવી હોય દરેક કર્માનુસાર પ્રભુજી ગતિમતિ આપે છે. આપણા કર્મો જ પ્રભુજીના પલડે તોલાય છે એ નિશ્ચિત જ છે. સારા સંચિત કર્મેનુસાર આપણને સુખ, સમૃદ્ધિ, ઉચ્ચકુળમાં માનવ જન્મ મળેલો છે, સાથે સુમતિ પણ આપી જ છે. તો એ સુમતિથી જ 'પરમ ધન ઈશ-ઈતિ પરમેશ્વર મેળવાશે. આગળ કહયું તેમ પંચ મહાભૂતમાં વસતા પરમ બ્રહ્માંડના અધિપતિ ઈતિ પરમેશ્વરને પામવા પંચેન્દ્રિયનો ઉપયોગ કરી લો. નિર્મળતા સાથે સંસારના અનેકાનેક પ્રલોભનને વિસારી પરમેશ્વરથી પ્રીતીનો નાતો જોડી હરિનામમાં મનને સંગી સાથી બનાવી પરમ ધન ઈશ-ઈતિ પરમેશ્વરના પાવન સાનિધ્યમાં સમય ફાળવો. કોઈ કોઈના માટે ઉભુ નથી રહેતું કે નથી સાથે આવતું. વ્હાલસોયો સંસાર આંખ મિંચાતા સ્વજનો સર્વે કાંઈ છૂટી જાય છે તો 'પરમ ધન ઈતિ-પરમેશ્વર'ને પામવાના રાહગીર બનો. એજ અભ્યર્થના જીવ્હાના બે સ્વાદ.

''ભજન અને ભોજન'' આ બન્ને કેળવી તંદુરસ્તી પામોને હરિનામ રસથી પ્યાસ બુઝાવોને

પરમ ધન–ઈતિ પરમેશ્વરને
પામો ...પરમાનંદ એજ સાચું
જીવન ધન. પરમ આનંદ ઈતિ પરમાનંદ
પરમેશ્વરની સંગત કરી પરમઆનંદ મેળવો.
ચિંતા છોડી ચિંતન કરો.

## મેરે જીયકો જીની

મોહે ના વિસારો મેં જાન તેરી
શ્યામ નામકી સંગતિ મેરેજીયકો જીની...મોહે
મેરે જીયમેં બસોં કરો કૃપા ઈતની
પરમ પરમાત્માસે આરાધન એકહી યાચી...મોહે
મન, બચન, કર્મણા સ્થિત ચરણોમેં તેરી
મેરા નિર્ધારા એક હી દરશન પાઉં તેરી...મોહે
મોહે ના વિસારો મેં જાન તેરી...
મેં જાન તેરી...

*- ઉષા એસ. ધારીઆ*


સહુ સ્નેહી ભક્તોને હાર્દિક આમંત્રણ
શુભ પધારો
માંગલિક પ્રસંગો

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## બાલાસિનોર વસતા દશાનિમા જ્ઞાતિનું વસ્તીપત્રક

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તરફથી ૧૯૯૪માં બાલાસિનોરમાં વસ્તા દશાનિમા જ્ઞાતિજનોનાં વસ્તીપત્રક બીજી આવૃતિ પ્રગટ કરવામાં આવી હતી. ૧૫ વર્ષના ગાળામાં જ્ઞાતિની વસ્તીમાં અનેક ફેરફાર થઈ ગયા છે. સમાજે ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરવાનું નક્કી કર્યું છે વાડાસિનોરનો ઈતીહાસ જોવાલાયક સ્થળોનો તેમજ કોલેજ શાળા મંદીર તેમજ કેદારેશ્વર હોસ્પિટલ વગેરેની માહીતી તેમજ હોદેદારો અને સ્થાનીક કાર્યકતાનો ઉલ્લેખ અને આ વસ્તીપત્રક એપ્રીલ ૦૯ માં પ્રકાશીત થશે. આ કાર્ય માટે શ્રી રજનીભાઈ કાં કડકીયા (લટકારી)ને સંયોજક નીમવામાં આવ્યા છે. અને એક સમિતીની રચના કરવામાં આવી છે. સમીતિ ના સભ્યો નીચે મુજબ છે.

સંયોજક :- શ્રી રજનીકાંત કાં. કડકીયા (લટકારી), સભ્ય :- શ્રી બંકીમ પરીખ, શ્રી મણીકાંત છો. કડકીયા, શ્રી દિનકરભાઈ ઓ. શાહ, શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી,

આ માટેના ફોર્મ બાલાસિનોર ખાતે શ્રી મણીકાંત છોટાલાલ કડકીયાની દુકાન કંચનલાલ સુરતી એન્ડ કું. થી આપવામાં આવશે જે પુરેપુરી માંગેલી વીગતો ભરી તા.૧૫-૩-૦૯ સુધીમાં પાછા આપવાના રહેશે.

મુંબઈમા રહેતા અને વર્ષમાં ત્રણ ચાર વખત બાલાસિનોર જઈ વર્ષમાં ત્રણ મહીનાથી વધુ સમય બાલાસિનોર ખાતે રહેતા હોય તે કુટુંબોએ પણ આ ફોર્મ ભરવા.

આ વસ્તીપત્રકની નકલ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સભ્યોને કુટુંબ દીઠ એક કોપી આપવામાં આવશે. તેમજ બાલાસિનોર મા રહેતા વતની તે પણ એક કોપી આપવામાં આવશે.

આ વસ્તીપત્રક માં નીચે મુજબ જાહેરખબર લેવામાં આવશે.

આ વસ્તીપત્રક નો ખર્ચ રૂા. ૪૦,૦૦૦ હજાર જેવો છે. કોઈ એક દાતા રૂા. ૩૫,૦૦૦ આવશે તો આ વસ્તીપત્રક તેમની ઈચ્છામુજબ નામ સાથે તેમનો ફોટો છાપી તેમના તરફથી સ્પોનસર કરવામાં આવશે. અથવા કુલ. ૬ જાહેર ખબર છાપવામાં આવશે તેના દર નીચે મુજબ છે.

| | |
|---|---|
| બે કવર | રૂા. ૧૦,૦૦૦/- |
| અંદર બેક કવરની સામે | રૂા. ૭,૫૦૦/- |
| અંદર ફ્રન્ટ કવર | રૂા. ૭,૫૦૦/- |
| અંદર બેક કવર | રૂા. ૭,૫૦૦/- |
| ફ્રંટમાં પાનું ૩ | રૂા. ૫,૦૦૦/- |
| ફ્રંટમાં પાનું ૪ | રૂા. ૫,૦૦૦/- |

આપ આ જાહેર ખબર માટે અથવા વસ્તીપત્રક સ્પોનસર કરવા પ્રમુખ શ્રી યોગેશ ધારીયા અથવા મંત્રી નો સંપક કરી શકશો.

આપના યોગ્ય પ્રતિસાદની અપેક્ષા છે. દરેક બાલાસિનોરમાં રહેતા દશાનિમા વણિક જ્ઞાતીના સભ્યને વીનંતી કે ફોર્મ ભરી તુરંત મોકલી આપવા.

***મંત્રી - નીતીન ગાંધી, નીમીષ કડકીયા.***

બાલાસિનોર મેડિકલ સેન્ટર-મહેતા હાઉસમાં તા. ૧લી ફેબ્રુઆરી ૦૯ થી આંખના ડૉ. આલોક અશોકકુમાર ગાંધીએ સોમવારે ૩ થી ૫ કલાક દરમિયાન સેવા આપવાનું શરૂ કર્યું છે.

હાલમાં આંખના રોગોના ડૉ. રાજીવ પરીખ બુધવારે સાંજે ૭ થી ૮ કલાક દરમિયાન એમની સેવા આપી રહયા છે. આ ઉપરાંત મેડિકલ સેન્ટરમાં Mrs Kinnari Sevak Counselling Service ની સેવા અપોંઈન્ટમેંટ સાથે આપે છે.

આપ સર્વે ભાઈ બહેનોને એમની સેવા લેવા વિનંતી છે.

## અન્ન સહાય અને આર્થિક સહાય અંગે

શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલિત શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત શ્રી બાલાસિનોર પ્રગતિ મંડળ આર્થિક રાહત યોજના

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી પ્રતિ વર્ષે અન્ન સહાય તથા આર્થિક રાહત આપવામાં આવે છે. તા. ૧-૪-૨૦૦૯ થી તા. ૩૧-૩-૨૦૧૦ના વર્ષ દરમ્યાન પણ સહાય-રાહત આપવાની છે. આ માટે હાલમાં લાભ લેતા કુટુંબીજનોએ તેમના ફોર્મ ભરવા જરૂરી છે. નીચેના સ્થળોએથી ફોર્મ મેળવી તા. ૨૮-૨-૨૦૦૯ સુધીમાં ફોર્મમાં માંગેલી વિગતો ભરી ફોર્મ આપી જવા વિનંતી છે.

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય : ૪૫/૪૯ બાલકૃષ્ણ કૃપા, બાબુગેનું રોડ, મુંબઈ ૪૦૦૦૦૨

૨) શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ ૮/૯ મહેતા હાઉસ, પંડિત રમાબાઈ રાનડે રોડ, ભવન કોલેજની સામે, મુંબઈ ૪૦૦૦૦૭

૩) શ્રી દક્ષેશ કડકીઆ : કડકીઆ એન્ટરપ્રાઈઝ, ૬૮/૭૦ નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

૪) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ બાલાસિનોર

**નોંધ :-** મુંબઈની બહાર તેમજ બાલાસિનોર ખાતે રહેતા જરૂરિયાતવાળા કુટુંબીઓએ પણ ફોર્મ ભરવા જરૂરી છે.

***સંયોજકો, રજની લટકારી - ઉર્વિશ મોદી (દેવ)***

***શ્રી.વા.દ.ની.ન.યુ.મંડળ : શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ***

## ।। શ્રી ગોકુલેશ જયંતિ ।।
## પૂ.પાદ ગોસ્વામી ૧૦૮
## શ્રી વલ્લભબાવા શ્રીના સાનિધ્યમાં

બીજી શ્રી વ્રજલીલી પરિક્રમા સંવત ૨૦૬૫

પરિક્રમા પ્રારંભ : ભાદરવા સુદી-૯, શુક્રવાર તા. ૨૮-૮-૨૦૦૯ પરિક્રમા સમાપ્તિ : આસો સુદ ૧૨ ગુરૂવાર તા. ૧-૧૦-૨૦૦૯ વહેલા તે પહેલાના ધોરણે આમંત્રણ આપવામાં આવે છે.

**- પરિક્રમાની પ્રાથમીક માહિતી :-**

૧) ઘરેથી મથુરા તથા મથુરાથી પરત ઘેર પહોંચવાની વ્યવસ્થા વૈષ્ણવોએ જાતે કરવાની છે તથા મથુરામાં મુકામ તથા પ્રસાદીની વ્યવસ્થા પણ જાતે કરવાની છે.

૨) મધુવનથી ગોકુલ સુધીના પાલ તથા પ્રસાદીની વ્યવસ્થા આયોજક તરફથી કરવામાં આવશે.

૩) તા. ૨૮-૮-૨૦૦૯ના રોજ નિયમ લેવાનો છે, અને અંતરગ્રહિ પરિક્રમા કરવાની છે. ૨૮-૮-૨૦૦૯ના રોજ યાત્રાનો વિજય કરવામાં આવશે અને પહેલો પડાવ મધુવન મુકામે રખાશે યાત્રાના દિવસોની યાદી આગળના અંકમાં આપશે.

૪) મર્યાદી/સમર્પિત વૈષ્ણવોની રસોઈની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

૫) અશક્ત/મોટી ઉમરના સેવક વૈષ્ણવોએ વાહનની વ્યવસ્થા પોતાની જાતે કરવાની રહેશે.

૬) પરિક્રમામાં આચાર્યશ્રીના પ્રવચન, મનોરથ તથા રાસલીલા આદિ સાંસ્કૃતિક તથા સામાજિક કાર્યક્રમ થશે.

**- : યાત્રા વ્યવસ્થા :-**

૧) પાલમાં રહેવાની વ્યવસ્થા : પાલમાં છ વ્યક્તિ રહી શકે તેવી વ્યવસ્થા, સુવા માટે વ્યક્તિ દીઠ

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ગત અંકમાં જણાવ્યા મુજબ મેડીકલ ટ્રસ્ટે મેમાગ્રાફી તા. ૧૧-૧-૦૯ને રવિવારે કાર્યક્રમ પૂર્ણ કર્યો છે. આપણી પાસે ૧૫૭ મહિલાઓના નામ આવ્યા હતા.

એમાંથી ૧૨ મહિલાઓ ઉંમરમાં નાની હતી. મેમોગ્રાફી ૪૦ વરસની ઉપરની બહેનોની જ થાય. ૪ બહેનો ૪૦ વરસની નીચેની હોય તેમની મેમોગ્રાફી નથી કરી. આ માટે N.M.Medical Centreનો આપણને ખૂબ જ સાથ સહકાર મળ્યો છે.

રવિવાર હોવા છતાં પણ ડૉ. નિલેશ શાહે (ઝાટ)સેન્ટર ખૂલુ રાખી ખૂબજ સારી સગવડ કરી આપી. એમનો બધો સ્ટાફ હાજર હતો. એમના બંને સેન્ટર ચૌપાટી અને મરીનલાઈન્સ સેવા માટે ખૂલા રખાયા હતા. મરીનલાઈન સેન્ટર ખાતે ૫૩ બહેનોએ મેમોગ્રાફી કરાવી. રૂા. ૯૫૦માં Dexa Bone Density પણ એમણે ખૂલ્લું મૂક્યું તું. એમાં પણ ઘણી બહેનોએ લાભ લઈ Bone Density કરાવી લીધી.

અમે અમારા Volunteers મંજુલ ધારિયા, સૌમિલ મોદી, નવિનભાઈ (બરોડાવાળા) નિમિશ કડકિયા, ભાવેશના ખૂબજ આભારી છીએ. મંડળ અને ટ્રસ્ટના ઑફિસ બેરરે પણ ખૂબ સાથ સહકાર આપ્યો છે. બસ આવી રીતે સાથ સહકાર આપી મંડળનું કાર્ય સિદ્ધ થાય. હવે પછી Tata જવાની તારીખોTata Cancer માંથી Confirm થાય એટલે દરેક જણને ફોન કરી જણાવી ચાર ચારના ગ્રુપમાં જવા વિનંતી કરશું. બધા મળી કેમ્પને સફળ કરશું. અગાઉ જણાવ્યા મુજબ આ કેમ્પના દાતા ડૉ.શ્રી નીકુંજભાઈ અને મીતાબેનના અમે ખૂબજ આભારી છીએ.

અમને આનંદ થાય છે, આપણી જ્ઞાતિની ભાઈ બહેનો Preventive Medicine માં સક્રીય લાભ લે છે. Helth Care આપણી પાસે advance tool છે જેનાથી આપણી સારી જીંદગી સુખમય બનાવે છે. આપણી જ્ઞાતિના conciousness about healthcare આ કેમ્પની હાજરીથી દેખાઈ આવે છે.

અગાઉના કરતા આજના જમાનામાં નવા નવા રોગો અસ્તિત્વમાં આવ્યા છે. અત્યારની પેઢી પોતાનું આરોગ્ય જાળવવા માટે વધુ સભાન બનતી જાય છે.

અત્યારે જંકફૂડ તૈયાર ખોરાક તથા બહારનું હોટલ રેસ્ટોરાંનું ખાવાનું ચલણ વધ્યું છે. આપણે જાતે રોગોને આમંત્રણ આપીએ છીએ.

આપણે ગુજરાતીઓ ખોરાકમાં તેલનો વધુ પડતો ઉપયોગ કરીએ છીએ, અને હાર્ટના રોગોને આમંત્રણ આપીએ છીએ, કોલેસ્ટેરોલનું લેવલ પણ વધે છે.

આ માર્ચ મહિનામાં આપણે ECG કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ 'સ્વ મણિબેન ઓચ્છવલાલના સ્મરણાર્થે રાખવામાં આવ્યો છે, હસ્તક સોહિણી યોગેશકુમાર કડકિયા' આ કેમ્પમાં વહેલો તે પહેલા ધોરણે લેવામાં આવશે. શુક્રવાર, શનિવાર બપોરના ૧.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી લગભગ ત્રીસ, ત્રીસ બહેનોને આવરી લેવામાં આવશે અને રવિવારે ભાઈઓનો કેમ્પ રાખવામાં આવશે.

ECG નું મશીન નવી ટેકનોલોજીથી બજારમાં આવ્યું છે આ મશીન પોરટેબલ અને પોકેટમાં રાખી ECG લેવામાં આવશે. આ મશીનથી internet through M.D. ડૉકટર પાસે રિપોર્ટ તરત જ પહોંચી જશે અને ડૉકટર આપણને તરતજ report આપી દેશે. આમ

પાટીવાલા પલંગ, બે પંખાની તથા લાઈટ વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨) ભોજન વ્યવસ્થા :- સુંદર અને સાત્વિક ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે શારીરીક રીતે અશક્ત માટે ખુરશી ટેબલની વ્યવસ્થા રાખેલ છે.

૩) પાણીની વ્યવસ્થા :- પાલ દીઠ પીવાની ૨૦ લીટરની શુદ્ધ બિસલેરી બોટલ આપવામાં આવશે અને નહાવા માટે ગરમ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**- : યાત્રાની નોંધણી :-**

૧) પરિક્રમામાં આવવા માટે નિયત કરેલા ફોર્મ પ્રતિનિધિ પાસેથી મેળવીને સંપુર્ણ ભરી બે ફોટા સાથે રોકડા/ડ્રાફટ ‘શ્રી ચતુર્થગૃહ હિતવર્ધક પરિવાર’ના નામનો બનાવી જે તે પ્રતિનિધિને ૨૮-૨-૦૯ સુધી આપવાનો રહેશે. બાકી રસીદ યાત્રિકે પોતાની પાસે સાચવી રાખવાની છે.

૨) બીજો હપ્તો તા. ૩૧-૩-૦૯ સુધીમાં અને છેલ્લો હપ્તો ૩૧-૫-૦૯ સુધીમાં ભરવાનો રહેશે.

૩) યાત્રામા કોઈપણ કારણસર ન જોડાઈ શકનાર વૈષ્ણવ ભાઈ-બહેનોને યાત્રા પુરી થયા પછી ત્રણ માસ સુધીમાં માત્ર રૂા. ૨૫૦૦/- પરત કરવામાં આવશે. કોઈ દલીલ સ્વીકારવામા આવશે નહીં. તા. ૩૧-૭-૦૯ પછી નામનું કેન્સલેશન પાલ બુકીંગ કેન્સલ ન થઈ શકતું હોઈ, કોઈપણ
પ ા ક ા ર ન ા ા
રીફન્ડ ને પાત્ર રહેશે નહીં

૪) નામ નોધાવ્યા પછી પોતાના સ્થાને અન્ય પરિચિતને મોકલી શકાશે નહીં.

***સંર્પક :- શ્રી શૈલેશ કડકીઆ - ૯૮૧૯૨૭૬૯૭૦***

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપયુક્ત મંડળની કાર્યવાહક સમિતિની ઈ.સ.વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની પ્રથમ બેઠક રવિવાર તા. ૭-૧૨-૦૮ના દિને સવારે દસ કલાકે સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકતાવાળા) મીટીંગ હોલમાં શ્રી પ્રવીણ દેસાઈના પ્રમુખસ્થાને મળી હતી.

એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી. જેમાં હોદ્દેદારો તરીકે નીચે મુજબ નિમણૂક કરી.

ઉપપ્રમુખ :- શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા, મંત્રીઓ :- શ્રી જતીન દેસાઈ, શ્રી ચંદ્રકાન્ત દેસાઈ, ખજાનચી :- શ્રી હિતેશ આર.પરીખ

કો-અપ્ટ : સૌમિલ જીતેન્દ્ર મોદી, ભાવેશ બિપીન મોદી

ખાલી પડેલી બેઠક પર નીતિન નટવરલાલ દેસાઈ (નાગર)ની બાકી રહેલી મુદત બે વર્ષ માટે (૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૧૦) નિમણૂક કરવામાં આવી. મંડળને નીચે મુજબ દાન મળ્યાં છે.

નીરૂબેન પી. પટેલ - નિવૃત્તઆચાર્યા
રૂા. ૧૧,૦૦૦/-

દીપક ચીનલાલ શાહ (દીપરેખા કોમર્શિયલ કોપો).
રૂા. ૧૧,૧૧૧/-

પૂર્ણિમા શશીકાન્ત ધારીઆ (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ
રૂા. ૧,૦૦,૦૦૦/-

મંડળ દાતાઓનો આભાર માને છે.

***મંત્રીઓ- જતીન દેસાઈ, ચંદ્રકાંન્ત દેસાઈ***

કરવાથી આપણે internet હોય તો treatment ઘરેથી આપી શકાય. ઈમરજન્સીમાં report તરત જ મળી જાય.

જીંદગીને બનાવવામાં જ જીંદગી વપરાઈ જાય છે. જીંદગીને સંવારીતો લેવી પડે. જ્યારે આપણી પાસે દાનની ગંગા વહે છે તો પછી ન્યાતના બંધુઓ જીંદગી જીવી જાણીએ. રાખ્યું તે રાખ થાય, આપ્યું તે આપણું થાય.

***- દક્ષેસ કડકીઆ - સોહિની કડકીઆ માનદ્‌મંત્રી***

# જાહેર આમંત્રણ

પૂ.પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવા શ્રી (ગોકુલ-અમદાવાદ મુંબઈ)ના ૩૭માં જન્મદિવસના શુભ પ્રસંગે આપશ્રીના વચનામૃત)

**તારીખ–** ૨૫-૨-૦૯ બુધવાર
૨૬-૨-૦૯ ગુરૂવાર,
૨૭-૨-૦૯ શુક્રવાર

**સ્થળ :-** પ્રેમપુરી આશ્રમ બાબુલનાથ રોડ

**સમય :-** બપોરે ૩.૩૦ કલાકે થી ૬.૦૦ કલાકે

**નિમંત્રક :-**

મનોરમાબેન હસમુખભાઈ ધારીઆ.
મંજુલાબેન બાબુલાલ શાહ (ઝાટ)
ઉર્મિલાબેન અનીલભાઈ ધારીઆ (બલબલ)

**સંર્પક :-** શ્રીમતી સુરેખાબેન એસ.કડકીઆ - ૨૩૬૭૭૯૪૯

નીચેના અન્ય કાર્યક્રમોની વિગત જેની આપ સર્વે નોધ લેશો.

૨૨-૨-૦૯ - કાંદિવલી મુંબઈ ખાતે ફગવા ઉત્સવ
૨૪-૨-૦૯ - કાંદિવલી મુંબઈ ખાતે જન્મ દિનની વધાઈ
૫-૩-૦૯ - બાલાસિનોર મુકામે ફગવા ઉત્સવ

***સંર્પક :- શ્રી શૈલેશ કડકીઆ - ૯૮૧૯૨૭૬૯૭૦,***
***શ્રી હેમંત પારેખ-૯૨૨૪૨૯૪૯૩૨***

## કે.એમ.જી.જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ ઓપરેશન મીતી યોજનામાં બે વધુ મીતી નોંધાઈ છે

નીરંજનરાય પુનમચંદ ત્રીવેદી હસ્તે શર્મીષ્ટાબેન નીરંજનરાય ત્રીવેદી ચંદનબેન ચંદુલાલ ગાંધી

**ટ્રસ્ટ ભંડોળમાં મળેલ દાન**

બાબુલાલ મોજીલાલ કડકીઆ (બનડા)
હસ્તે હેમંતકુમાર અને રાજેન્દ્રકુમાર રૂા.૧૧,૦૦૦/-
મર્હુમ હકીમુદીન મોહંમદ અલી હાજી
હસ્તે ઝરીનાબેન ઈબ્રાહીમભાઈ મલેક રૂા.૧૧,૦૦૦/-
પૂંજાભાઈ પરમાભાઈ વણકર રૂા.૧૧,૦૦૦/-
હસ્તે નટવરભાઈ રામાભાઈ વણકર રૂા.૧૧,૦૦૦/-
નીરંજનભાઈ પુનમચંદ ત્રીવેદી
હસ્તે શર્મીષ્ટાબેન નીરંજન રાય ત્રીવેદી રૂા.૨૫૦૦/-
સુભદ્રાબેન કીરતનલાલ દેસાઈ રૂા.૧૧,૦૦૦/-
સંસ્થા સૌ દાતાઓનો આભાર માને છે

# બાલાસિનોર દશાનિમા વૈષ્ણવો જોગ
# - શ્રી ફગવા ઉત્સવ -

ઉપરોક્ત ગોકુલેશ સમાજ વર્ષોથી ઉત્સવોનું આયોજન કરે છે. આ વર્ષે પણ શ્રી ફગવાનું આયોજન અનેરા ઉત્સાહથી કરવા વિચાર્યું છે.

**શ્રી ફગવા ઉત્સવ :-**

સં.૨૦૬૫ના ફાગણ સુદ ૩ ને શનીવાર તા. ૨૮-૨-૨૦૦૯ના દિવસે આ ઉત્સવ ઉજવવામાં આવશે. સ્થળ :-શ્રી માધવબાગ, સી.પી.ટેંક મુંબઈ - ૪૦૦૦૦૪, મનોરથી :- આ ઉત્સવના ભાગ્યશાળી મનોરથી સદ્‌ગુણબેન નવનીતલાલ દેસાઈ તથા તમનો પરિવાર છે.

રંગ રસીયા :- શનીવાર તા. ૨૮-૨-૨૦૦૯ બપોરે ૩.૧૫ કલાકે મનોરથીના નિવાસસ્થાન ૧૬૦૧ / ૧૬૦૨ વેલેન્સીયાટાવર્સ ભાટીયા હોસ્પીટલની પાછળ તાડદેવ મુકામે સમાજની કીર્તનીયા મંડળી શ્રી ઠાકોરજીના રસીયાની રમઝટ બોલાવશે.

**કળશનો વરઘોડો :-**

તેજ દિવસે સાંજે ૫ કલાકે સત્સંગની રૂમ, અમૃતવાડી, વી.પી.રોડથી કળશનો વરઘોડો નીકળી માધવબાગ જશે.

શ્રી ફગવા મનોરથ – તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે બાલાસીનોરના સમસ્ત વૈષ્ણવોને સદકુટુંબ - સહપરિવાર માધવબાગમાં પ્રસાદ લેવા અમારૂ ભાવભીનું આમંત્રણ છે.

આ ઉત્સવ આપણા બધાનો છે. સમસ્ત વૈષ્ણવો આ ઉત્સવમાં મોટી સંખ્યામાં હાજર રહી ઉત્સવની ગરીમાને વધારે અને આવેલા અવસરને ખૂબજ ઉત્સાહથી માણે એટલી વિનંતી.

આ પ્રસંગે સાંજે ૭.૧૫ કલાકે મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સમાજ તરફથી સન્માન કરવામાં આવશે.

તો આપ સર્વે પરાંવાળા બધાજ દશાનિમા વૈષ્ણવો, બંન્ને સત્સંગ મંડળની બહેનો તથા આમંત્રિત સ્વજનોને ફરી ફરીને વિનંતી કરીએ છીએ કે પ્રસાદ લેવા જરૂરથી પધારશો.

